Paper Code – 3913/4013

M.A. Sem – 3 Economics (Old/New Course)

Mar-Jun - 2021

CC-302 - વૃદ્ધિ અને વિકાસનું અર્થશાસ્ત્ર (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. 'Principles of Political Economy and Taxation' પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે?
(A) માર્શલ (B) રિકાર્ડો (C) કાર્લ માર્ક્સ (D) એકપણ નહીં
2. ઔદ્યોગિક ક્ષેત્રને કાચો માલ ખેતી ક્ષેત્ર પૂરો પાડે છે.
(A) સાચું (B) ખોટું (C) અનિશ્ચિત (D) એકપણ નહીં
3. કરવેરા એ સરકારની આવકનું સાધન ગણાય છે.
(A) અનિશ્ચિત (B) સાચું (C) ખોટું (D) એકપણ નહીં
4. એડમ સ્મિથનો આર્થિક વૃદ્ધિનો સિદ્ધાંત કઈ વિચારધારા પર આધારિત હતો ?
(A) વાણિજ્યવાદ (B) પ્રકૃતિવાદ (C) A અને B બંને (D) એકપણ નહીં
5. ભારતમાં આઝાદી બાદ કયા ક્ષેત્રનો વિકાસ ધીમો પડ્યો છે ?
(A) ઔદ્યોગિક ક્ષેત્ર (B) ખેતી ક્ષેત્ર (C) સેવાકીય ક્ષેત્ર (D) તકનીકી ક્ષેત્ર
6. આર્થિક વૃદ્ધિ એ અર્થતંત્રમાં થતું કેવું પરીવર્તન છે ?
(A) પરિમાણાત્મક (B) ગુણાત્મક (C) નાણાકીય (D) સેવાકીય
7. માનવ વિકાસ આંકની શરૂઆત કયા વર્ષથી થઈ ?
(A) 1951 (B) 1960 (C) 1990 (D) 2010
8. ભારતમાં કેવા પ્રકારની આર્થિક પદ્ધતિ અમલમાં છે ?
(A) મૂડીવાદી (B) સમાજવાદી (C) મિશ્ર અર્થતંત્ર (D) એકપણ નહીં
9. આર્થિક વૃદ્ધિના સિદ્ધાંતોની શરૂઆત કયા અર્થશાસ્ત્રીથી થઈ હતી ?
(A) માર્શલ (B) રોબિન્સર (C) શૂમ્પિટર (D) એડમ સ્મિથ
10. આર્થિક વૃદ્ધિની પ્રક્રિયા વિશ્વના કયા દેશોને લાગુ પડે છે ?
(A) વિકસતા (B) વિકસિત (C) પછાત (D) ગરીબ
11. વિશ્વના દેશોને કેટલા વિભાગમાં વહેચવામાં આવે છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) એકપણ નહીં
12. આર્થિક વિકાસની પ્રક્રિયા વિશ્વના કયા દેશોને લાગુ પડે છે ?
(A) વિકસતા (B) વિકસિત (C) ધનિક (D) મૂડીવાદી
13. નીચેનામાંથી કોનો વિકસિત દેશોમાં સમાવેશ થાય છે ?
(A) અમેરિકા (B) જાપાન (C) ઇઝરાયલ (D) ઉપરના તમામ
14. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ બંને સમાનાર્થી કહી શકાય.
(A) સાચું (B) ખોટું (C) અનિર્ણિત (D) એકપણ નહીં
15. સમતોલ વિકાસ માટે નીચેનામાંથી કયા પરિબળનો વિકાસ જરૂરી છે ?
(A) ખેતી વિકાસ (B) ઔદ્યોગિક વિકાસ (C) મૂડીરોકાણ (D) આપેલ તમામ
16. પ્રચ્છન્ન બેકારી માટે નીચેનામાંથી કયું પરિબળ જવાબદાર ગણાય ?
(A) વસ્તી વધારો (B) ગરીબી (C) ટેક્નોલૉજી (D) શિક્ષણ
17. આર્થિક વૃદ્ધિના તબક્કાઓ કયા અર્થશાસ્ત્રીએ રજૂ કર્યા છે ?
(A) કેઇન્સ (B) રોસ્ટોવ (C) માર્શલ (D) એડમ સ્મિથ
18. નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રી હાર્વડ યુનિવર્સિટીના પ્રોફેસર હતા ?
(A) માલ્થસ (B) રોબિન્સન (C) શૂમ્પિટર (D) એકપણ નહીં
19. નીચેનામાંથી કયા અર્થશાસ્ત્રી એ મૂડીવાદી માળખાનું વિશ્લેષણ કર્યું છે ?
(A) શૂમ્પિટર (B) કાર્લ માર્ક્સ (C) એડમ સ્મિથ (D) A અને B બંને
20. હેરોડ-ડોમરના મોડેલમાં કયા પરિબળને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે ?
(A) વસ્તીવૃદ્ધિ (B) બેરોજગારી (C) મૂડીસંચય (D) ટેક્નોલૉજી
21. સમતોલ વિકાસના વિચારો કયા અર્થશાસ્ત્રી એ રજૂ કર્યા છે?
(A) શૂમ્પિટર (B) નકર્સ (C) હર્ષમેન (D) લેબેસ્ટાઇન
22. વિકસતા દેશોના સંદર્ભમાં લઘુત્તમ પ્રયાસનો સિદ્ધાંત કોણે સમજાવ્યો છે ?
(A) શૂમ્પિટર (B) કાર્લ માર્ક્સ (C) લેબેસ્ટાઇન (D) હિક્સ
23. રિકાર્ડો એ આર્થિક વૃદ્ધિના મોડેલમાં કયા ક્ષેત્રને વધુ મહત્વ આપ્યું છે ?
(A) સહકાર (B) ખેતી ક્ષેત્ર (C) સેવાકીય ક્ષેત્ર (D) સામાજિક ક્ષેત્ર
24. 'Principles of Political Economy' પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે ?
(A) માર્શલ (B) રિકાર્ડો (C) માલ્થસ (D) એકપણ નહીં
25. પ્રો. મીડના મતે ચોખ્ખું ઉત્પાદન કયા પરિબળો પર આધાર રાખે છે ?
(A) જમીન (B) શ્રમ (C) ટેક્નોલૉજી (D) આપેલ તમામ
26. હેરોડ-ડોમર આર્થિક વૃદ્ધિના મોડેલ કેવા છે ?
(A) આધુનિક (B) પ્રાચીન (C) જૂના (D) આપેલ તમામ
27. હેરોડે આર્થિક વૃદ્ધિના મોડેલમાં કેટલા પ્રકારના વૃદ્ધિદરનો નિર્દેશ કર્યો છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

28. પ્રો. શૂમ્પિટરે કઈ આર્થિક પદ્ધતિનું સુંદર વિશ્લેષણ આપ્યું છે ?
(A) સમાજવાદી (B) મૂડીવાદી (C) મિશ્ર અર્થતંત્ર (D) એકપણ નહીં
29. પરંપરાગત સમાજનો તબક્કો કયા પરિબળો પર આધારિત છે ?
(A) કુદરતી (B) સામાજિક (C) માનવીય (D) ટેક્નોલૉજી
30 આર્થિક વૃદ્ધિના તબક્કાઓને કેટલા વિભાગમાં વહેંચવામાં આવ્યા છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ
31. આંતરરાષ્ટ્રીય વેપારની તરેહનું નિર્ણાયક પરિબળ સાધન વિપુલતા છે તેવું કયા સિદ્ધાંતમાં જણાવવામાં આવ્યું છે?
(A) જે.એચ. મીલ (B) ડેવિડ રિકાર્ડો (C) હેકસર ઓહલીન (D) એકપણ નહીં
32. ડેવિડ રિકાર્ડોએ કયો સિદ્ધાંત આપ્યો છે ?
(A) તુલનાત્મક ખર્ચ (B) બજારનો સિદ્ધાંત (C) સાધન વિપુલતા (D) શ્રમનો સિદ્ધાંત
33. ..... એટલે એક વસ્તુ એક વસ્તુ પ્રાપ્ત કરવા માટે ત્યજી દેવો પડેલો બીજો શ્રેષ્ઠ વિકલ્પ.
(A) જાહેર ખર્ચ (B) વૈકલ્પિક ખર્ચ (C) તુલનાત્મક ખર્ચ (D) સાપેક્ષ ખર્ચ
34. ..... ના માટે આંતરિક વેપાર એ આપણી વચ્ચેનો વેપાર છે જ્યારે આંતરરાષ્ટ્રીય વેપાર એ આપણી અને તેઓની વચ્ચેનો વેપાર છે.
(A) એડમ સ્મિથ (B) કાર્લ માર્ક્સ (C) ફેડરીક (D) કેઈન્સ
35. "જ્યારે શ્રમવિભાજન દેશની સરહદ ઓળંગીને વિસ્તાર પામે છે તે આંતરરાષ્ટ્રીય વ્યાપાર બને છે." આ વાક્ય કયા અર્થશાસ્ત્રી દ્વારા કહેવામા આવ્યું છે?
(A) પ્રો. હેરોડ (B) પ્રો. રોબિન્સન (C) કેઈન્સ (D) બી. આર. શિનોઈ
36. જુદા જુદા દેશોના રહેવાસીઓ વચ્ચે થતાં વેપારને .....
(A) આતરરાષ્ટ્રીય વેપાર (B) આંતરિક વેપાર (C) મૂળભૂત વેપાર (D) એકપણ નહીં
37. ઉત્પાદન ખર્ચ તફાવતના કેટલા પ્રકારો છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર
38. એડમ સ્મિથ દ્વારા કયા સિદ્ધાંતની રજૂઆત થઈ હતી ?
(A) નિરપેક્ષ ખર્ચ (B) સાપેક્ષ ખર્ચ (C) વૈકલ્પિક ખર્ચ (D) ઉત્પાદન ખર્ચ
39. જ્યારે નિકાસ મૂલ્ય એ આયાત મૂલ્ય કરતાં ઓછી હોય ત્યારે વેપારતુલા ..... ગણાય છે.
(A) અનુકૂળ (B) પુરાંતવાળી (C) પ્રતિકૂળ (D) એકપણ નહીં
40. કાચી સાટા વિનિમય શરતો અર્થશાસ્ત્રી એ સમજાવી છે ?
(A) પ્રિન્સ (B) ડાઉઝીંગ (C) થોમસ (D) રોબિન્સન
41. કોઈપણ દેશની વસ્તુઓનું નિકાસ મૂલ્ય અને આયાત મૂલ્ય એક સરખું હોય ત્યારે વેપારતુલા ..... કહેવાય છે.
(A) પ્રતિકૂળ (B) સમતોલ (C) પુરાંત (D) એકપણ નહીં
42. વિનિમયના મૂળમાં ..... હોય છે.
(A) શ્રમ વિભાજન (B) આવક વિભાજન (C) મૂડી (D) નફો
43. લેણદેણ તુલામાં કેટલા પ્રકારની ખાદ્ય જોવા મળે છે ?
(A) બે (B) ચાર (C) એક (D) ત્રણ
44. હેલબરના સિદ્ધાંતનું નામ જણાવો.
(A) તુલનાત્મક (B) વૈકલ્પિક (C) નિરપેક્ષ ખર્ચ (D) એકપણ નહીં
45. પ્રાપ્યતાનો અભિગમ રજૂ કરનાર અર્થશાસ્ત્રી કોણ હતા ?
(A) એડમ સ્મિથ (B) કોવિસ (C) એજવર્થ (D) માર્શલ
46. સાધન પ્રમાણનો સિદ્ધાંત કયા અર્થશાસ્ત્રી દ્વારા રજૂ કરાયો છે ?
(A) માર્શલ (B) રોબિન્સન (C) હેકસર (D) મીલ
47. વિકાસની દ્રષ્ટિએ બાલ અવસ્થાના ઉદ્યોગો એટલે .....
(A) મધ્યમ ઉદ્યોગો (B) મોટા ઉદ્યોગો (C) કુટીર ઉદ્યોગો (D) બાલ ઉદ્યોગો
48. બે દેશો વચ્ચે જે કિંમતે વસ્તુના પ્રમાણની લેવડ-દેવડ થાય તેને ..... કહેવાય છે.
(A) વેપાર શરતો (B) લેણદેણ શરતો (C) નિકાસ શરતો (D) એકપણ નહીં
49. નીચેનામાંથી કોઈ એક આંતરરાષ્ટ્રીય વેપારનું ઉદાહરણ છે જણાવો.
(A) ભારત-અમેરિકા (B) ભારત-કાશ્મીર (C) ગુજરાત-મહારાષ્ટ્ર (D) દીવ-ગોવા
50. ફ્રાન્સના ચલણનું નામ દર્શાવો.
(A) પાઉન્ડ (B) યેન (C) રૂબલ (D) ફ્રાન્ક